ગાંધીનગર સમાચાર



# શહેરમાં ઠંડીનો મિજાજ યથાવત પારો ૭.૮ ડીગ્રી : જનજીવન પ્રભાવિત

## સતત બીજા દિવસે પણ ઠંડીનું મોજું : લગ્નસરાની મૌસમ પણ ઠંડીથી પ્રભાવિત


(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૧૩

શહેરમાં આજે પણ ઠંડીનો મિજાજ યથાવત રહેતા સતત બીજા દિવસે નગરજનો ઠંડીમાં ઠુંઠવાયા હતા. દિવસે બર્ફીલા પવનની સાથે સાંજ ઢળતા જ અસહ્ય ઠંડીનું મોજું ફરી વળ્યું હતું ઠંડીનો પારો માત્ર ૦.૮ ડીગ્રી ઉંચો આવતા લઘુત્તમ તાપમાન ૭.૮ ડીગ્રી રહ્યું હતું. આકરી ઠંડીના લીધે નગરજનો સાંજ ઢળતા જ ઘરમાં પુરાઈ જાય છે. બીજી તરફ નગરમાં નિખરેલી લગ્નસરાની મૌસમ પણ ઠંડીના લીધે પ્રભાવિત થઈ છે.

નગરમાં શિયાળાની મૌસમ નિખરી છે. છેલ્લા બે દિવસથી મૌસમનો મિજાજ બદલાતા વાતાવરણમાં કોલ્ડવેવનું સામ્રાજય જોવા મળી રહ્યું છે. ઠંડીનો પારો ૭ થી ૮ ડીગ્રી વચ્ચે સ્થિર થતા નગરજનો ઠંડીના માહોલમાં ઠુંઠવાઈ રહ્યા છે.

ઠંડીનો પારો અચાનક ગગડતા શહેરના જનજીવન પર મૌસમની અસર વર્તાઈ રહી છે. ગઈ કાલે લઘુત્તમ તાપમાન ૭ ડીગ્રી નોંધાતા સીઝનની રેકર્ડ બ્રેક ઠંડીથી શહેરીજનોએ ધ્રુજારો અનુભવ્યો હતો જયારે આજે પણ ઠંડીના પારામાં કોઈ ખાસ ચઢ ઉતર જોવા મળી ન હતી. સતત બીજા દીવસે પણ ઠંડીનો મિજાજ યથાવત રહ્યો હતો. લઘુત્તમ તાપમાન ૭.૮ ડીગ્રી રહેતા ગાંધીનગર સમગ્ર રાજયમાં બીજા નંબરનું કોલ્ડ સીટી હોવાનો અહેસાસ નગરજનોએ કર્યો હતો.

એક બાજુ શહેરમાં ઠંડીએ સપાટો બોલાવ્યો છે ત્યારે લગ્નસરાની વિદાય લેતી મૌસમ પણ નીખરી છે. સેકટરોમાં રાત્રિના લગ્નગરબાની રમઝટો જામે છે પરંતુ આક્રમક ઠંડીના લીધે લગ્નસીઝન પણ પ્રભાવિત થઈ છે. લગ્નગરબામાં પણ ઠંડીની અસરથી પાંખી હાજરી જોવા મળે છે. અસહ્ય ઠંડીના લીધે શ્રમજીવીઓની હાલત પણ કફોડી બની છે. રાત્રીના તાપણી કરીને શ્રમવસાહતીઓ ઠંડીથી રક્ષણ મેળવવા પ્રયાસ કરી રહ્યા છે. દિવસ દરમિયાન પણ ઠંડીનું જોર રહેતા સિનિયર સિટીઝન્સની હાલત પણ દયનીય બની છે. વહેલી સવારે પણ કોલ્ડવેવના લીધે મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યામાં ઘટાડો થયો છે. સાંજ ઢળતા શહેરમાં સન્નાટો છવાઈ જાય છે. સેકટરોની શેરીઓમાં પણ સુનકાર પ્રવર્તે છે. ઘરોમાં હીટરનો ઉપયોગ શરૂ થઈ ગયો છે. રાહદારીઓ ઠંડીથી બચવા ઉનની ટોપી અને ગરમ કપડામાં સજ્જ જોવા મળે છે.

# હજુ ૧૯મીથી ગુજરાતમાં ઠંડી વધુ તીવ્ર બનશે

## જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ પટેલની આગાહી

ગાંધીનગર, તા.૧૩

અમદાવાદ પારો ૭ ડિ.સે. થશે. હાલમાં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હિમવર્ષા થઈ રહી છે. જેની અસર તળે રાજ્યમાં પણ ઠંડીની સીધી અસર જોવા મળી રહી છે. જ્યારે ડિસે. ૨૦૧૫ના આવનાર દિવસો અંગે જોતા ગાત્રો થિજવતી કાતીલ ઠંડીના યોગો જણાય છે. ભૂ. ભૌગોલિક બાબતો અન્ય તેમજ ગ્રહોના યોગો જોતા ગ્રહ યોગોના ફેરફારના કારણે દેશના કેટલાક ભાગોમાં માવઠા પવનના વા વંટોળ સાથે ઠંડીનો ચમકારો પણ વધે પરંતુ હવામાન બધે એક સરખુ ન રહે. પર્વતીય પ્રદેશો સમુદ્રની નજીકના પ્રદેશો ઉત્તરીય પ્રદેશો, હિમાચલ કાશ્મીર, પંજાબ, ઉ. પ્રદેશ, રાજસ્થાન, હરિયાણા તેમજ દેશના દક્ષિણ ભાગો અને પશ્ચિમના કેટલાક ભાગોમાં પવન સાથે વાદળો કે વરસાદ-કમોસમી વરસાદની સંભાવના પણ રહેશે. ઠંડીના ચમકારા બાદ વાદળો આવતા ન્યૂનતમ તાપમાન વધી શકે તેમ છે.

ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છનું હવામાન પણ પલ્ટાય તેવી શક્યતા છે. ડિસેમ્બર તા. ૧૪ ઠંડીનો ચમકારો રહે, તા. ૧૫ થી ૧૭ વાદળવાયુ વાતાવરણ રહેશે. અને આ દરમિયાન દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશમાં ઘણા દિવસો સુધી હિમવર્ષાના યોગો રહે. તા. ૨૦ સુધી દિલ્હી, હરિયાણા, પંજાબના ભાગોમાં વાદળવાયુ વાતાવરણ થશે. ધુમ્મસ તેમજ ઋતુમાં વિપરીયાયથી વાહન વ્યવહાર પર પણ તેની અસર દેખાશે. પશ્ચિમ ક્ષેત્રનું હવામાન પણ પલ્ટાય આ ઉપરાંત માવઠાની પણ સંભાવના રહેશે.

ગાત્રો થીજવતી ઠંડી તા. ૧૯ થી ૨૪ દરમિયાન રહે. આ અરસામાં હવામાનમાં ભારે પલ્ટા આવે અને ઠંડા પવનો ફુંકાય, લાંબા ગાળાની ઠંડી ધીમે ધીમે ડિસેમ્બરના અંત સુધીમાં વધે, ઉ. ભારતમાં

● અનુસંધાન પાન-૭ પર

# આઠ લાખની બનાવટી નોટ સાથે બે સગાભાઈની ધરપકડ

## ભરચક જગ્યા ઉપર બનાવટી નોટને વટાવવાના પ્રયાસમાં ઝડપાઈ ગયા : ઝડપાયેલા બંને શખ્સોની આકરી પૂછપરછ

અમદાવાદ, તા.૧૩

રૂપિયા આઠ લાખની બનાવટી નોટોના જંગી જથ્થા સાથે પશ્ચિમ બંગાળના બે સગા ભાઈની ધરપકડ કરી લેવામાં આવી છે. ઝડપાયેલા આ બંને શખ્સોની પુછપરછ કરવામાં આવતા બંનેએ કબૂલાત કરી હતી કે, તેઓ સગાભાઈ છે અને આ બનાવટી નોટ પશ્ચિમ બંગાળના મુર્શીદાબાદ જિલ્લામાંથી લાવ્યા હતા. ઝડપાયેલા ઈસમો કોઈ આંતરરાષ્ટ્રીય ષડયંત્રના ભાગ છે કે કેમ તે મામલામાં ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. ઝડપાયેલા શખ્સો પાસેથી ૧૦૦૦ના દરની કુલ ૫૦૦ નંગ નોટ તથા ૫૦૦ના દરની કુલ ૪૦૦ નંગ નોટ કબજે કરવામાં આવી હતી. જ્યારે અન્ય આરોપી પાસેથી ૧૦૦૦ના દરની કુલ ૧૦૦ નંગ કબજે કરવામાં આવી હતી. ભારતના અર્થતંત્રને તોડી પાડવા તથા ગંભીર નુકસાન કરતા દેશદ્રોહી પ્રવૃત્તિ કરવામાં સક્રિય ઈસમોને શોધી કાઢવા એસઓજીની ટુકડી સક્રિય થયેલી છે. જુદી જુદી ટીમો પેટ્રોલિંગ પર હતી તે દરમિયાન બાતમી મળી હતી જેના આધાર પર પશ્ચિમ બંગાળના બે શખ્સોને પકડી પડાયા હતા. મળેલી બાતમી મુજબ શાહબુદ્દીન તથા મોફીઝુલ ઉર્ફે રાહુલના નામના બે શખ્સો બનાવટી નોટો સાથે ગીતામંદિર એસ.ટી.બસ સ્ટેન્ડ તરફથી આવી લાલદરવાજા તરફ આવ્યા હતા અને ભીડ ભાડ વાળી જગ્યાઓએ બનાવટી નોટો

● અનુસંધાન પાન-૭ પર


(તસવીર : કશ્યપ નિમાવત)

મતદાર યાદી સુધારણા પ્રક્રિયા - ચૂંટણી પંચ દ્વારા છઠ્ઠીથી આરંભાયેલ મતદારયાદી સુધારણા અભિયાનને મતદારો તરફથી પ્રોત્સાહક પ્રતિસાદ મળી રહ્યો છે... મતદાર યાદીમાં નામ ગાયબ થવાની ફરિયાદો દરેક ચૂંટણીમાં ઉભી થતી હોય છે... આ પ્રકારની ફરિયાદોને ઘટાડવા માટે પંચ દ્વારા પ્રતિવર્ષ અભિયાન આરંભાય છે. આજે રવિવારના દિવસે મતદારોના તમામ વિભાગોમાંથી ચકાસણી કરવાની જાગૃતિ અનુભવાતી હતી.

# શહેરમાં 'ગ' માર્ગ પર સ્ટ્રીટલાઈટના ૫૦ જેટલા પોલ્સ બંધ હાલતમાં

## શહેરમાં સ્ટ્રીટલાઈટની જાળવણીનું કામ ખાડે કટાયેલા થાંભલાઓ કંગાળ હાલતમાં

ગાંધીનગર, તા. ૧૩

શહેરમાં છેલ્લા ઘણા સમયથી સ્ટ્રીટલાઈટની સેવા ખાડે ગઈ છે. સેક્ટરોમાં નજર નાંખો ત્યાં લાઈટો ડુલ જોવા મળે છે. શહેરના મુખ્યમાર્ગો પર પણ વારંવાર કેટલાક પોલ્સ બંધ થઈ જાય છે. 'ગ' માર્ગ પર સ્ટ્રીટલાઈટના અંદાજિત ૫૦ જેટલા થાંભલાઓ બંધ હાલતમાં છે.

સેક્ટરોના આંતરિક વિસ્તારમાં સ્ટ્રીટલાઈટની સેવા સદંતર ખાડે ગઈ હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. સેક્ટરોમાં સ્ટ્રીટલાઈટના થાંભલાઓ પણ કટાયેલી અને કંગાળ હાલતમાં છે. સ્ટ્રીટલાઈટની જાળવણીનું કામ સંભાળતી ટોરેન્ટ પાવરને પણ આ જવાબદારી નિભાવવામાં હવે રસ નથી ત્યારે તંત્ર દ્વારા પણ નવી વ્યવસ્થા ગોઠવવા પ્રાથમિક ગતિવિધિઓ શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે સેક્ટરોમાં સ્ટ્રીટલાઈટની જાળવણી તરફ તંત્ર ધ્યાન કેન્દ્રીત કરે તેવી પ્રબળ માંગણી ઉઠવા પામી છે. શહેરમાં સ્વર્ણિમ પાર્ક અને મહાત્મા મંદિર સાથે લગાડેલા 'ગ' માર્ગ પર છેલ્લા ત્રણ-ચાર દિવસથી સ્ટ્રીટલાઈટના ઘણા ખરા પોલ્સ બંધ હાલતમાં છે. જેમાં ગ-૪ થી ગ-૫ વચ્ચેના વિસ્તારમાં મોટાભાગના થાંભલાઓ બંધ હાલતમાં હોવાથી રાત્રિના અંધારૂ છવાઈ જાય છે. સેક્ટરોના આંતરિક વિસ્તારોમાં પણ સ્ટ્રીટલાઈટની જાળવણી તરફ ધ્યાન અપાતુ નથી. કટાઈ ગયેલા થાંભલામાં દિવસે પણ કંગાળ હાલતમાં હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું છે. સ્ટ્રીટલાઈટના થાંભલાઓ પર જાહેરાતના પોસ્ટર્સ ચિપકાવી દેવામાં આવતા લાઈટીંગ પોલ્સ જાહેરાતનું માધ્યમ બની ગયા છે.


**વિશ્વા મંડપ ડેકોરેટર્સ**
**કેટરર્સ**

દરેક શુભ પ્રસંગે મંડપ, મેરેજ સ્ટેજ, રીસેપ્શાન સ્ટેજ, લાઈટ, ગાદલા, ખુરશી, રસોઈના વાસણો ભાડેથી મળશે.

- પીરસનાર સ્ટાફ, રસોઈ (બુફે કાઉન્ટર)
- અમારે ત્યા દરેક શુભ પ્રસંગે લેબર તથા ડીસ કોન્ટ્રાક્ટથી ઓર્ડર લેવામાં આવશે.
- શુભ પ્રસંગે રસોઈ તથા મંડપના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.

મુ. પેથાપુર, અંબિકા ચોક, બજારમાં, તા.જી. ગાંધીનગર
પ્રો. મહેશભાઈ બી. દરજી
મો. ૯૭૧૪૮૯૮૯૯૯, ૯૮૨૪૦ ૦૯૧૨૬


## બેસણું



શ્રી ગૌતમભાઈ જયંતભાઈ આચાર્ય (રિટાયર્ડ નાણા વિભાગ)નું તા. ૧૨/૧૨/૨૦૧૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું તા. ૧૪/૧૨/૨૦૧૫ના રોજ સોમવારે બપોરે ૪ થી ૬ દરમિયાન નીચેના સરનામે રાખેલ છે.

સ્થળ : પરીમલ એપાર્ટમેન્ટ કોમન પ્લોટ, ફ્લેટ નં. ૩/૧૮, સેક્ટર-૭, ગાંધીનગર

જ્યોત્સનાબેન ગૌતમભાઈ આચાર્ય — ઉત્સવી રાજેન્દ્ર સોમપુરા
ઉર્વી ગૌતમભાઈ આચાર્ય — ડો. રાજેન્દ્ર વાસુદેવ સોમપુરા

ફોન નં. ૨૩૨૩૫૮૧૬, ૯૯૦૪૦૪૪૧૭૩


**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧


## પ્રાર્થના સભા



મારા માતુશ્રી પૂ.વ. રસીલાબેન રજનીકાંત બુચનું દેહાવસાન તા. ૧૨/૧૨/૨૦૧૫, શનિવારના રોજ થયેલ છે. સદ્દગતની પ્રાર્થના સભા તા. ૧૪/૧૨/૨૦૧૫, સોમવારના રોજ નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : વરીયા પ્રજાપતિ સમાજ ટ્રસ્ટની વાડી, વસંતકુંવરબા સ્કૂલના સામે, સેક્ટર-૨૮, ગાંધીનગર
સમય : સાંજના ૪-૩૦ થી ૫-૩૦ કલાક

લિ.

અરૂણ હર્ષદરાય બુચ — દર્પણ રજનીકાંત બુચ (પુત્ર)
અ.સૌ. જ્યોત્સના અરૂણ બુચ — જિજ્ઞા દર્પણ બુચ
નિસર્ગ દર્પણ બુચ


**આપનો મત આપણી પેનલ ને...**



વ્હાલા મતદાર ભાઈ-બહેનો, પશુપાલકો તથા દૂધ ઉત્પાદકો, આપણા શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં સમગ્ર જીલ્લામાં 'આપણી પેનલ'ના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. તો આપણો મત આપણી પેનલના ઉમેદવારોને આપી સમગ્ર જીલ્લામાં વિજયી બનાવો તેવી આગ્રહભરી વિનંતી છે.

**આપણી પેનલનો વિજય એટલે ?**

- ડેરીમાં છેલ્લા ૨૫ વર્ષથી એકહથ્થુ શાસન કરી કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર અને લૂંટનો અંત લાવવા માટે.
- બનાસ ડેરીને આશરે ૧૦૦૦ કરોડનાં દેવામાં ડુબાડી છે તેમાંથી બહાર લાવવા માટે.
- આ ડેરી એ જીલ્લાના દૂધ ઉત્પાદકો અને પશુપાલકોની ડેરી છે તે રીતે નહીં, પરંતુ બાપ-બેટાની પેઢીની જેમ ચાલે છે તેમાંથી મુક્તિ અપાવવા માટે.
- ડેરીમાં ખરીદ કમિટી બનાવીને ખરીદી ઓનલાઈન ટેન્ડર પદ્ધતિથી પારદર્શીતા લાવી કરોડો રૂપિયાની કમીશનખોરી બંધ કરવા માટે.
- નોકરીની ભરતીમાં અને પ્રતિનિધિત્વમાં દરેક તાલુકાને સમાન ન્યાય અપાવવા માટે.
- ગામડામાં ચાલતી ડેરીની મંડળીને ખોટા દંડ ફટકારી ભયમાં રાખવામાં આવે છે, તેમાંથી મુક્તિ અપાવવા માટે.
- ડેરીમાં નોકરી કરતા કર્મચારીઓમાં લાયકાતના આધારે નહીં પરંતુ સગા-વ્હાલાની નિતીના આધારે થતા અન્યાયને રોકવા માટે.
- કોન્ટ્રાક્ટ સિસ્ટમમાં કમિશનખોરીનો અંત લાવવા માટે.
- ડેરીના નિયામક મંડળને વિશ્વાસમાં લીધા વગર ચાલતા વહીવટને બંધ કરી વિશ્વાસનું વાતાવરણ ઉભું કરવા માટે.
- દૂધ ઉત્પાદકોએ ચૂંટેલા પ્રતિનિધિ નહીં, પરંતુ પાછલા દરવાજે વહીવટ કરતા દિકરાના શાસનનો અંત લાવવા માટે.
- પૂર્વ અને પશ્ચિમ એમ જીલ્લાના બે ભાગલા પાડી પક્ષપાત રૂપી રાજનિતી બંધ કરવા માટે.
- બનાસ ડેરીની પાલનપુર ખાતેની ઓફીસમાં સામાન્ય ખેડૂત પણ આપણી ડેરી છે તેમ સમજી જઈ શકે અને પોતાની વાત કરી શકે તેમજ આ ડેરી એ આપણી ડેરી છે તેવા હક્ક સાથે અને ભય વિના મુલાકાત લઈ શકે તે માટે.

નિશાન - પતંગ

લી.
આપનો વિશ્વાસુ
સંયોજક-આપણી પેનલ
ડો. દેવજી પટેલ



ધી બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (બનાસડેરી)ના આદરણીય મતદારો

**નમ્ર અપીલ**



આપણા જીલ્લાના પશુપાલકો, દૂધ ઉત્પાદકો અને ધરતીપુત્રોની જીવાદોરી સમાન આપણી સૌની બનાસડેરીમાં છેલ્લા ૨૫ વર્ષથી ચાલતા પરથીભાઈ ભટોળ અને તેના મળતીયાઓ દ્વારા આપણી બનાસડેરીને કમીશનખોરી, ભ્રષ્ટાચારી, ભયમુક્ત, કિન્નાખોરી શાસન દ્વારા કાળો દાગ લગાડેલ છે. પિતા-પુત્રની ભ્રષ્ટાચારી બેલડીના ભ્રષ્ટાચારી શાસનના અંતના સંકલ્પ સાથે બનાસડેરીનો વિકાસ સ્વચ્છ અને પારદર્શક વહીવટ, ભરતી અને પ્રતિનિધિત્વમાં દરેક તાલુકાને સમાન ન્યાય, દરેક પશુપાલકોના હકોનું રક્ષણની નેમ સાથે ''આપણી પેનલ સૌની પેનલ'' એટલે આપણી પેનલના ઉમેદવારોએ આપણા શંકરભાઈ ચૌધરીની આગેવાનીમાં ઉમેદવારી નોંધાવેલ છે. તો આપનો પવિત્ર અને કિંમત મત આપણી પેનલના ઉમેદવારોને આપી-અપાવી વિજયી બનાવવા નમ્ર વિનંતી.

| મતદાર મંડળનું નામ | અ નં. | ઉમેદવારનું નામ | નિશાન | ચોકડી |
|---|---|---|---|---|
| ૧ - પાલનપુર | ૧ | પટેલ શામળભાઈ હીરજીભાઈ | | |
| ૨ - વડગામ | ૧ | ચૌધરી કેશરભાઈ પરથીભાઈ | | |
| ૩ - દાંતા | ૧ | બારડ દિલીપસિંહ અનારસિંહ | | |
| ૪ - અમીરગઢ | ૨ | રબારી ભાવાભાઈ વજાભાઈ | | |
| ૬ - ડીસા | ૨ | દેસાઈ માવજીભાઈ મગનભાઈ | | |
| ૮ - થરાદ | ૧ | પટેલ તેજાભાઈ લાલાભાઈ | | |
| ૯ - વાવ | ૧ | ચૌધરી ખેમજીભાઈ કાનજીભાઈ | | |
| ૧૦ - ભાભર | ૧ | પટેલ રતનસીભાઈ ભીખાભાઈ | | |
| ૧૧ - દિયોદર | ૧ | પટેલ તેજાભાઈ વિરભાણભાઈ | | |
| ૧૨ - કાંકરેજ | ૨ | પટેલ અણદાભાઈ રામાભાઈ | | |
| ૧૪ - સાંતલપુર | ૧ | આયર દેહીબેન રાધાભાઈ | | |

મતદાન તારીખ : ૧૫-૧૨-૨૦૧૫
મતદાન સમય : સવારે ૯ થી સાંજે ૫ સુધી
મતદાન સ્થળ : મામલતદાર કચેરી તાલુકા મથક

નિશાન પતંગ

લી.
આપનો વિશ્વાસુ
સંયોજક-આપણી પેનલ
ડો. દેવજી પટેલ



મંડપ કેટરીંગ લાઈટીંગ ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અક્ષી
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.



સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

**હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...**

અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com